**<u>ધોળકા રુરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૧૯૨૦૬૪૨૬૦૦૬૭/૨૦૨૬ ના કામે અરજદાર રાજુભાઈ ગોપાલભાઈ તળપદા ની મુદામાલ અરજી (આક.–૧)લગત હુકમ ::–</u>**

(૧) અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી તથા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.ને સાંભળ્યા, તેમજ અરજદાર તરફે તેમની અરજીની સાથે રજુ થયેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય તેમજ પંચનામાના કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારના વકીલશ્રીની રજુઆત છે કે, આ કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ **IPHONE-13** મોડલનો મોબાઈલ તથા બજાજ ઓટો લી.ની સી.એન.જી. રીક્ષા જેનો રજી.નંબર જીજે ૦૧ ટીજે ૭૬૮૯ જે તેઓની માલીકી અને કબજા ભોગવટાનું હોય અને રોજીંદા ઉપયોગમાં લેવામાં આવતુ હોઈ, જેથી જો લાંબો સમય બીન ઉપયોગી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો યોગ્ય જાળવણીના અભાવે તદ્દન ભંગાર હાલતમાં ફેરવાઈ જાય તથા બોડી, કલર,બેટરી તથા એસેસરીઝને ગંભીર નુકસાન થાય તેમ છે.તેમજ મોબાઈલની બેટરી તથા સ્પેરપાર્ટ બગડી જવા સંભવ હોઈ, ફરીથી ઉપયોગ માં લઈ શકાય નહી તેમ હોય જેથી મુદામાલ મોબાઈલ તથા સીએનજી રીક્ષા યોગ્ય શરતો ને આધીન પરત સોંપવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામમાં એ.પી.પી.શ્રી ભાણાવત દવારા સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવા સામે વાંધો લીધેલ છે.

(૪) આ કામે અરજદારની રજુઆતો, તેમજ આ કામે રજુ થયેલ કેસ પેપર્સ, તેમજ મુદ્દામાલ મોબાઈલ ખરીદ કરેલ હોવા બાબતેનું બીલ ની ઝેરોક્ષ નકલ વંચાણે લેતા સદર મુદ્દામાલ **IPHONE-13** મોડલનું મોબાઈલ નાં માલીક અરજદાર હોવાનુ ફલીત થાય છે. તેમજ અરજદાર સિવાય મુદ્દામાલ મોબાઈલના અન્ય કોઈ માંગણીદાર નથી.

વધુમા આ કામે રજુ થયેલા પેપર્સ જોવામા આવે તો મુદામાલ સીએનજી રીક્ષા કે જેનો રજી નં.જીજે ૦૧ ટીજે ૭૬૮૯ નો છે .જેની આર.સી.બુક ની નકલ જોવામા આવે તો તેમા હાલના કામના અરજદારનુ નામ નથી.આ કામના અરજદારે સદર રીક્ષા વેચાણ કમ કબજા કરાર થી મેળવેલ છે જે અધીકૃત નથી.વેચાણ કરાર એ ખરીદનાર અને વેચનાર વચ્ચેનો સોદો ગણાય છે.જેથી હાલના કામના અરજદાર આર.સી.બુકમા નામ ન હોય તેથી તેઓ માલીક ગણાતા નથી.તેમજ આ કામે મુદામાલ કવોન્ટીટી જોવામા આવે તો ૫૦૦ મી.લી ની કુલ ૧૨૦ નંગ

પકડાયેલ છે જે ૨૦ લીટર કરતા વધારે જથ્થો છે. હાલના તબકકે Gujarat Prohibition ( Amendment ) Act, 1949 ની કલમ.૯૮(૨) ઘ્યાને લેતા તે નીચે મુજબ છે.

Section 98. : Things liable to confiscation : -

(1) Whenever any offence punishable under this Act has been committed.

(a.) xxx

(b) xxx

(c) xxx

(d) xxx

(2) Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such article shall likewise be liable to confiscation by the order of the Court ( but it shall not be released on bond or surety till the final judgment of the Court where the quantity of the seized liquor is exceeding quantity as may be prescribed by the rules.

આમ પ્રોહીબીશન (સુધારા) એકટ ૧૯૪૯ ની કલમ.૯૮(૨) મુબજ જો જપ્ત કરેલ પ્રોહી મુદ્દામાલ રુલ્સમાં જણાવેલ કોન્ટીટી કરતા વધારે હોય તો વચગાળાની કસ્ટડીમાં છોડી શકાય નહી.

(૫) વધુમા નામદાર સુપ્રીમકોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો કે જે G.L.R.2003(2),Page No-1337, ઉપર પ્રસિઘ્ધ થયેલ છે તેમા પેરા-૧૭ મા કરેલ ચર્ચા મુજબ મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમા રાખવાથી કોઈ હેતુ રહેતો નથી. આ સંજોગોમા મેજીસ્ટ્રેટે તાત્કાલિક યોગ્ય હુકમ કરી યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી લઈ તે અંગે યોગ્ય હુકમ કરી શકે છે. જેથી હાલની અરજી અંગે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

//- હુ ક મ -//

(૧) અરજદારની મુદ્દામાલ તરીકે **બજાજ સીએનજી રીક્ષા જેનો રજી.નં.જીજે ૦૧ ટીજે ૭૬૮૯** પરત મેળવવાની અરજી **નામંજુર** કરવામા આવે છે.

(૨) અરજદારની મુદ્દામાલ તરીકે બ્લુ કલર નો આઈફોન-૧૩ મોડલનો ફોન અરજદાર

**રાજુભાઈ ગોપાલભાઈ તળપદા,** રહે. વાઘરીવાસ, પોલીસ લાઈનની બાજુમા , તા.માતર જી.ખેડા નાઓને મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબની રકમ કરતા દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ આપ્યેથી તેમજ મુદ્દામાલ મોબાઈલ નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી માટે પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

**<u>શરતો ::-</u>**

(૧) અરજદારે મુદ્દામાલ મોબાઈલનાં કાગળો તપાસના કામે તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવા.

(૨) અરજદારે મુદામાલ મોબાઈલ ની માલીકીમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૩) અરજદારે અદાલત જયારે ફરમાવે ત્યારે મુદામાલ મોબાઈલ નામદાર કોર્ટમા રજુ કરવું.

અરજદારે બોન્ડ તથા જામીન સબંધીત પોલીસ સ્ટેશનમા આપવાના રહેશે.

આ હુકમ સબંધી ધોળકા રુરલ પોલીસ સ્ટેશનને અલગથી યાદી કરવી.

ધોળકા.
તારીખ: ૨૦/૦૩/૨૦૨૬

(બી.એમ.ગઢીયા)
એડી.ચીફ.જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
ધોળકા
(કોડ નં. જીજે૦૧૧૭૬)